## ભાવનગર યુનિવર્સિટીમાં બી.કોમ પરીક્ષાના પેપર લીકની ફરિયાદ

*15/3/449 : **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ)**: માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| ક્રમ | પ્રશ્ન | ક્રમ | જવાબ |
|---|---|---|---|
| (૧) | વર્ષ ૨૦૨૩માં ભાવનગર યુનિવર્સિટીની બી.કોમની પરીક્ષાનું પેપર લીક થયેલ તે હકીકત સાચી છે | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો ક્યાં વિષયની પરીક્ષાનું પેપર લીક થયેલ | (૨) | તા.૦૧/૦૪/૨૦૨૩ના રોજ લેવાયેલ બી.કોમ. સેમેસ્ટર–૬ના ફાયનાન્સ એકાઉન્ટ(મેનેજમેન્ટ એકાઉન્ટીંગ)નું પેપર લીક થયેલ હતું. |
| (૩) | ઉક્ત પરીક્ષામાં કેટલા પરીક્ષાર્થીઓ પરીક્ષા આપનાર હતા, અને | (૩) | બી. કોમ. સેમેસ્ટર–૦૬ માં કુલ ૩૪૯૭ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપનાર હતા. |
| (૪) | ઉક્ત સ્થિતિએ પેપર લીક કરનાર કોની સામે શાં પગલા લેવામાં આવ્યા ? | (૪) | • પોલીસની પ્રાથમિક તપાસના આધારે સદરહું વિષયના પેપરલીક સંદર્ભે યુનિવર્સિટી દ્વારા શ્રી જે.એલ.કાકડીયા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ કોલેજ, ભાવનગરના ઈન્ચાર્જ આચાર્યશ્રી તેમજ અન્ય વિરુધ્ધ પોલીસ ફરિયાદ નં.૧૧૯૮૦૦૧૨૩૦૧૬૧ તા.૦૪/૦૪/૨૦૨૩ થી નોંધાવેલ છે અને ઈન્ચાર્જ આચાર્યશ્રીની યુનિવર્સિટીના શિક્ષક તરીકેની માન્યતા રદ કરવામાં આવેલ છે.<br>• શ્રી જે.એલ.કાકડીયા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ કોલેજ, ભાવનગરનું પરીક્ષા કેન્દ્ર રદ કરવામાં આવેલ છે.<br>• યુનિવર્સિટી એક્ઝિક્યુટીવ કાઉન્સિલ દ્વારા ઘટના સંબંધિત હકીકતલક્ષી તપાસ અહેવાલ તૈયાર કરવા રચાયેલ ૩ (ત્રણ) સભ્યોની તપાસ સમિતી દ્વારા રજુ થયેલ અહેવાલ મુજબ કાર્યવાહી કરવા તથા આરોપીઓની બી.કોમ. સેમેસ્ટર–૬ની સમગ્ર પરીક્ષા રદ્દ કરવા તેમજ જયાં સુધી પોલીસ તપાસ પુર્ણ ના થાય ત્યાં સુધી કોઈપણ અભ્યાસક્રમમાં આ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહિ તેમ ઠરાવવામાં આવેલ છે તેમજ જો પોલીસ તપાસમાં અન્ય વિદ્યાર્થીઓની સંડોવણી સાબિત થાય તો તેવા સંજોગોમાં તેમની સામે પણ ઉપર મુજબની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવેલ છે.<br>• પોલીસ ઈન્સપેક્ટરશ્રી, નિલમ બાગ પોલીસ સ્ટેશન દ્વારા તજવીજ દરમ્યાન જે વિદ્યાર્થીઓના પેપરના ફોટાં વાયરલ થયા છે તેમના પર કાર્યવાહી ચાલુ છે. |

----------